



# શહેરમાં ઝરમરિયા વરસાદ સાથે મેઘરાજાની જમાવટ

## ઠેર ઠેર ભાણી ભરાયા : ભીંજારાથી જનજીવન પ્રભાવિત : સેકટરોમાં ઠેર ઠેર વરસાદી દુવિધાઓ

## મંડરાતા રહીશોને હાલાકી : સિઝનનો ૧૬૫ મી મી વરસાદ : વરસાદી નઝારા સાથે સેકટરોમાં ભીંજારો

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં બે દિવસ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી બાદ છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસતા વરસાદથી ભીંજારાના માહોલ વચ્ચે ચોમાસાની મોસમે જમાવટ કરી છે. આજે પણ દિવસ દરમિયાન આકાશમાં ગોરંભાયેલા વાદળો વચ્ચે ઝરમર વરસાદ વરસ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૬૫ મી મી વરસાદ નોંધાયો છે. જો કે વરસાદી નઝારા વચ્ચે પણ નગરજનો હજુ ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે. તો બીજીતરફ શહેરીજનોને વરસાદી સમસ્યાઓ પણ પરેશાન કરી રહી છે.

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી મેઘરાજાએ જમાવટ કરી છે. બે દિવસ અગાઉ તોફાની વરસાદના લીધે શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. સેકટરોમાં નજર નાંખો ત્યાં પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે મેઘરાજાના ધમાકેદાર આગમન બાદ શહેરમાં સતત વાદળિયા વાતાવરણ વચ્ચે રીમઝીમ વરસાદ વરસતા ભીંજારાનો માહોલ જોવા મળે છે. ગઈકાલે પણ હળવા વરસાદી ઝાપટાથી સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. જયારે આજે પણ સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે અલપ ઝલપ વરસતા મેઘરાજાએ હાજરી પુરાવી હતી. સપ્તાહ પુર્વે વાદળિયા વાતાવરણ વચ્ચે આકરો ઉકળાટ અનુભવતા નગરજનો મેઘરાજાની કાગડોળે વાટ નિહાળતા હતા જયારે વારંવાર હાથતાળી આપી વિદાય લેતા વરસાદી વાદળો મનમુકીને વરસે તેવી આશ વચ્ચે રોજબરોજ નગરજનોની નજર નભ તરફ મંડરાતી હતી. જયારે હાલ સમગ્ર રાજયમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રના વિસ્તારમાં આભ ફાટ્યુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે ગાંધીનગર અમદવાદમાં પણ વરસાદી નઝારો નિખર્યો છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૬૫ મી મી વરસાદ વરસ્યો છે. જયારે આજે દિવસ દરમિયાન આકાશમાં સતત ગોરંભાયેલા વરસાદી વાદળોના લીધે ઝરમરિયો વરસાદ યથાવત રહ્યો હતો. પરંતુ મેઘરાજા ધોધમાર વરસ્યા ન હતા. વરસાદી વાયરા વચ્ચે ગરમીનો પારો ૨ ડીગ્રી નીચે ઉતર્યો હતો. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૯૫ થી ૯૮ ટકા રહેતા વરસાદી વાયરા વચ્ચે પણ નગરજનો ઉકળાટનો અહેસાસ કરી





● અનુસંધાન પાન-૭ પર

# સ્ટ્રીટ લાઈટના થાંભલાને આડશ બનતી વૃક્ષોની ડાળીઓનુ ટ્રીમીંગ થતું નથી

## નવા સેકટરોના રહીશો દ્વારા અગાઉ પણ રજુઆત કરવામાં આવી હતી જયારે ઉભા સુકા જોખમી વૃક્ષો દુર કરવા માટે પણ રજુઆત

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી મોસમ નિખરતા શહેરમાં રોજબરોજ ભીંજારાનો માહોલ જોવા મળે છે. જયારે વરસાદી દિવસોની શરૂઆત સાથે જ સેકટરવાસીઓ માટે ઘર આંગણે જ દુવિધાઓ મંડરાઈ છે. વરસાદના સંજોગોમાં ઠેર ઠેર ખોદકામના લીધે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે ત્યારે સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોની ડાળીઓનુ ટ્રીમીંગ ન થતા સ્ટ્રીટ લાઈટના થાંભલાનુ પુરતુ અજવાળુ માર્ગો પર પથરાતુ નથી વરસાદી મોસમની શરૂઆત છે ત્યારે સેકટરોમાં વનતંત્ર દ્વારા ટ્રીમીંગ માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી રજુઆત પણ સ્થાનિકોએ કરી છે.

ગાંધીનગરમાં વરસાદની મૌસમ જામી છે. આમ તો માર્ચ મહીનાની અલબત્ત ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પણ વરસાદ ગમે ત્યારે ડોકીયુ કરી જતા શહેરમાં છેલ્લા ત્રણ ચાર મહીનાથી વરસાદ ગમે ત્યારે ખાબકતો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આવા સંજોગોમાં શહેરમાં સતત ચાલતી ખોદકામગીરીથી નાગરિકો ડગલે ને પગલે હાલાકી વેઠી રહ્યા છે. શહેરના માર્ગો પર ઠેર ઠરે ગાબડા અસ્તિત્વમાં આવી રહ્યા છે. જયારે અનેક ઠેકાણે માટી પોલાણ થતા માર્ગોની આસપાસ પણ ખાડા ટેકરાની સ્થિતિ જોવા મળે છે. સેકટરોમાં વરસાદી દુવિધાઓનો કોઈ પાર નથી ત્યારે સ્ટ્રીટ લાઈટના થાંભલા પણ ખોદકામ દરમિયાન કેબલ કટ થતા અમુક જગ્યાએ ગમે ત્યારે ડુલ થઈ જાય છે. આ સ્થિતિ વચ્ચે વનતંત્ર દ્વારા ટ્રીમીંગની કામગીરી પણ ન થતા સેકટરોના આંતરિક માર્ગો પર વૃક્ષોની લટકતી ડાળીઓ સ્ટ્રીટ લાઈટના પોલ્સ માટે આડશ બની છે. શહેરમાં બિપરજોય વાવાઝોડાને અનુલક્ષી અગાઉ વનતંત્ર દ્વારા ઉભા સુકા વૃક્ષો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જયારે જોખમી વૃક્ષોને દુર કરવાની સાથે નમી પડેલી તોતિંગ ડાળીઓ દુર કરવા સહીત સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગ માટે પણ કામગીરી હાથ ધરાઈ હતી પરંતુ વાવાઝોડના સંજોગોના અંતે આ કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. અલબત્ત વરસાદી દિવસોની હજુ શરૂઆત જ છે ત્યારે હાલ સેકટરોમાં ઠેર ઠેર સ્ટ્રીટ લાઈટો માટે વૃક્ષોની તોતિંગ ડાળીઓ અવરોધરૂપ બની રહી છે. જેના લીધે સાંજ ઢળતા જ સેકટરોના આંતરિક માર્ગો પર અંધારુ છવાયેલુ રહે છે. સ્થાનિકોએ અગાઉ પણ સેકટરોના આંતરિક

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ પર ટ્રાફિકની સમસ્યા પેચીદી બની

શહેરમાં એકબાજુ વરસાદી નઝારો નિખર્યો છે. ત્યારે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ ઠેર ઠેર ડોકીયા કરી રહી છે. આવા સંજોગોમાં શહેરના માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો પણ બદલાયો છે. શહેરના મુખ્યમાર્ગો પર મેટ્રો રેલ પ્રોજેકટનુ કામ પણ ચાલી રહ્યુ છે જેના લીધે મુખ્ય ચ માર્ગ પર પણ ટ્રાફિક ડાયવર્ટ કરાયો છે. આ ઉપરાંત ઘ- ૫ થી સે-૧૯ :૨૦ ના સર્કલ સુધી પણ મેટ્રો રેલની કામગીરીના લીધે ટ્રાફિકની અવરજવર હાલ સાંકડા માર્ગ પરથી થઈ રહી છે. બીજીતરફ ઘ-૪ પાસે અન્ડર પાસને પણ હાલ વન વે કરી દેવાયો છે. જેના લીધે દિવસ દરમિયાન નગરના મુખ્ય ઉભા આડા માર્ગો પર ટ્રાફિકની અવરજવર વિશેષ પ્રભાવિત થઈ છે. ઘ - ૪ અન્ડર પાસે રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. જયારે સે-૧૭:૨ ૨ પાસે સ્થિત કોર્મશિયલ કોમ્પલેક્ષમાં આવતા મુલાકાતીઓ પણ પાર્કંગના મુદ્દે માથુ ખંજવાળી રહ્યા છે. આવા સંજોગોમાં વરસાદી ઝાપટા વચ્ચે આમ પણ ટ્રાફિકની અવરજવર વિશેષ અસર વર્તાઈ રહી છે. ત્યારે શહેરના હાલ મુખ્ય ઘ અને ચ માર્ગ પર વાહન લઈને સીધુ અને સટ નિકળી શકાય તેમ નથી ટ્રાફિક જામ વેળાએ આજા ફસાજાની સ્થિતિ સર્જાય છે.



વરસાદી સિઝન જામી છે. જ્યાં જુઓ ત્યાં વરસાદના પાણી ભરાયેલા નજરે ચઢી રહ્યા છે. જો કે શહેરમાં પાણીના નીકાલ માટે સારી વ્યવસ્થા ગોઠવાઈ હોવાથી વરસાદ પડ્યા બાદ ખૂબ ઓછા સમયમાં પાણી ઉતરી જાય છે. ગ-રોડ ઉપર વરસાદી પાણીના નીકાલ માટે બનાવવામાં આવેલી કેનાલમાં કચરો ભરાઈ રહે છે. પાણીના નીકાલ માટેની આ નીકને કચરાપેટી બનાવી દેવાઈ હોય તેવુ લાગી રહ્યુ છે.

# ગુડા વિસ્તારમાં પાણીના મીટર મુકવા સહિતની કામગીરી ખાનગી પેઢીને સોંપવામાં આવશે

## આ કાર્યયોજના અન્વયે ૧.૫૮ કરોડના ખર્ચ નો અંદાજ

ગાંધીનગર, તા. ૧

મહાનગરપાલિકા વિસ્તારમાં મીટર વ્યવસ્થાના આધારે ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવાની યોજનાનું કામ ચાલી રહ્યું છે . જ્યારે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા પાણીના મીટર મુકવા ઉપરાંત વિવિધ વિસ્તારોમાં મીટર લગાડવાની સાથે મીટર વાંચન અને બિલ જનરેશન સહિતની કામગીરી ખાનગી પેઢીને સોંપી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આગામી મહિનામાં જ આ અન્વયે વહિવટી અને તાત્રિક પ્રક્રિયાઓ પૂર્ણ કરી દેવાશે જેના અંતે ઓગસ્ટ મહિનાના અંત પહેલા મીટર લગાડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટ અન્વયે મલ્ટી જેટ ડોમેસ્ટિક વોટર મીટર સપ્લાય કરવા, તેને વિવિધ જગ્યાએ લગાડવા, ટેસ્ટિંગ કરવું અને કાર્યરત કરવા સહિતનું કામ એક જ પેઢીને સોંપવામાં આવશે જ્યારે આ કામની જવાબદારી સ્વીકારનાર પેઢીની સાથે ત્રણ વર્ષ સુધી તેની જાળવણી કરવા ઉપરાંત જરૂરી સંજોગોમાં સમારકમ પણ કરવાનું રહેશે જ્યારે કોન્ટ્રાક્ટ મુજબ કંપનીએ જ મીટર રીડીંગ અને બિલ તૈયાર કરવા ઉપરાંત બિલનું વિતરણ ગ્રાહકોને કરવાની જવાબદારી પણ નિભાવવાની રહેશે ગુડા ના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર આ કાર્યયોજના અંતર્ગત ૧.૫૮ કરોડ થી વધુ ખર્ચ થશે . જ્યારે ખર્ચના અંદાજ સામે ઓછા ભાવ રજૂ થાય તેવી એજન્સીને કામ સોંપવામાં આવશે. ગુડા દ્વારા પાણી વિતરણ વ્યવસ્થા અંતર્ગત અગાઉ પાણીના દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો જ્યારે આર્થિક ભીંસ નિવારવા આવક વધારવા પણ ગતિવિધિ હાથ ધરવામાં આવી આવી છે.

# દહેગામમાં બે કલાકમાં દોઢ ઈંચથી વધુ વરસાદ

## જિલામાં દિવસ દરમ્યાન અર્ધા ઈંચથી વધુ વરસાદ નોંધાયો : ત્રણ તાલુકામાં વાવણીલાયક વરસાદ થયો : છેલ્લા ત્રણ દિવસમાં જિલ્લામાં સિઝનનો ૬ ટકા જેટલો વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં મેઘ મ્હેર યથાવત્ રહેતાં જિલ્લાના ત્રણ તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ ગયો છે. જિલ્લાના માણસા, ગાંધીનગર અને દહેગામ તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ ગયો છે. કલોલમાં હજુ વાવણીલાયક વરસાદ થયો નથી.

જિલ્લાના ચારેય તાલુકામાં આજે દિવસ દરમ્યાન વરસાદ નોંધાયો છે. આજે સૌથી વધુ વરસાદ દહેગામ તાલુકામાં ૪ થી ૬ ના બે કલાકના ગાળામાં નોંધાયો છે. બે કલાકમાં દોઢ ઈંચ કરતાં વધુ વરસાદ થતાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. તેમજ તેની સીધી અસરો વાહન વ્યવહાર પર પડી હતી. વાહન વ્યવહાર ધીમો પડ્યો હતો.

દહેગામમાં સવારે ૬ થી રાત્રીના ૮ દરમ્યાન ૪૪ મી.મી. વરસાદ નોંધાયો છે. સવારે ૬ થી ૮ દરમ્યાન ૨ મી.મી. અને સાંજે ૪ થી ૬ દરમ્યાન ૪૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

ગાંધીનગર તાલુકામાં પણ હળવો વરસાદ નોંધાયો છે. સવારે ૬ થી રાત્રીના ૮ દરમ્યાન ૮ મી.મી., માણસામાં ૮ મી.મી. અને કલોલમાં ૯ મી.મી. વરસાદ આ સમયગાળા દરમ્યાન નોંધાયો છે.

જિલ્લામાં શનિવારે સવારના ૬ વાગ્યા સુધીમાં સીઝનનો દહેગામમાં ૧૨૧ મી.મી., ગાંધીનગરમાં ૧૩૧ મી.મી., કલોલમાં ૯૫ મી.મી. અને માણસામાં ૧૪૮ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં શનિવાર સુધીમાં સરેરાશ ૧૨૪ મી.મી. વરસાદ નોંધાયો છે. જે જિલ્લામાં સિઝનમાં નોંધાતા વરસાદની સાપેક્ષમાં ૧૫.૯૩ ટકા વરસાદ નોંધાયો છે. છેલ્લા ત્રણ દિવસમાં જિલ્લામાં સિઝનનો ૬ ટકા જેટલો વરસાદ નોંધાતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.

ગ્રામ્ય વિસ્તારોમાં નવા નીરની આવક થવા પામી છે. હળવા વરસાદી ઝાપટાઓને પગલે જમીનમાં ભેજનું પ્રમાણ પણ વધવા પામેલ છે. આ ઉપરાંત ભૂગર્ભ જળના સ્તરમાં સુધારો જોવા મળશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં આ વખતે તળાવોમાં પાણીની સંગ્રહ શક્તિમાં વધારો થાય તે માટે ઉંડા કરવાની કામગીરી સુજલામ સુફલામ અન્વયે હાથ ધરાઈ હતી.

# જિલ્લાના ૧૪ નાયબ મામલતદારો બદલાયા

ગાંધીનગર, તા. ૧

જિલ્લા કલેક્ટર કચેરીમાં ફરજો બજાવતા ૧૪ જેટલા નાયબ મામલતદારોની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

નાયબ મામલતદારોની બદલીનો ગંજીફો ચીપાશે તેવી અટકળો વચ્ચે ગઈકાલે મોડી સાંજે આ બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે. આજે આખો દિવસ આ બદલીના હુકમો કલેક્ટર કચેરીમાં ધીમા સ્વરની ચર્ચાનો મુદ્દો હતો.

બદલી કરાયેલ નાયબ મામલતદારોમાં પ્રણવ પુરોહિત, એચ.જે. ચૌહાણ, હર્ષદ પટેલ, સુશ્રી કિંજલ મોદી, એસ.એ. ચાવડા, એસ.આર. પટેલ, બી.પી. પટેલ, શ્રીમતિ બી.એમ. શુકલ, સુશ્રી એચ.એન. જોશી, ચિરાગ શાહ, એસ.એચ. પટેલ, સચિન પટેલ, સુશ્રી જે.સી. પટેલ, સી.પી. ઝાલાનો સમાવેશ થાય છે.

એસ.આર. પટેલે નાયબ મામલતદાર (મહેસુલ) તરીકેની વધારાની કામગીરી નવી જગ્યા પર કરવાની રહેશે. આ ઉપરાંત સચીન પટેલને પણ નાયબ મામલતદાર જમીન ગ્રામ્ય તરીકેની પણ ફરજ બજાવવાની રહેશે.

# ગાંધીનગર-અમદાવાદમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર - અમદાવાદ સહિત ગુજરાતમાં વરસાદ મન મૂકીને વરસી રહ્યો છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે આજે ૮ વાગ્યા સુધી ૬ જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ આપ્યું છે. નવસારી, વલસાડ, પાટણ, સાબરકાંઠા, મોરબી, સુરેન્દ્રનગરમાં રેડ એલર્ટ અપાયું છે. ત્યાં જ અમદાવાદ, ગાંધીનગરમાં ભારે વરસાદ પડી શકે છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com